| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૦/૧૦/૨૦૨૩ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૬૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૨૧૬ લીટર દેશી દારૂ, ૩૦૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪૫ બિયર ટીન, ૨ કાર, ૧ સ્કુટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૭૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ઘરફોડ ચોરીઃ- સમાચાર યાદી નં.૧૬૭૧/૨૦૨૩

**વટવાઃ** નારાયણ સ/ઓ રામજી યાદવ (ઉ.વ.૩૬)(રહે.આશાપુરીનગર આશોપાલવ સોસાયટીની પાછળ વટવા) એ તા.૦૯/૧૦/૨૦૨૩ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૮/૨૦૨૩ રાતના ૧૧/૦૦ થી તા.૦૯/૧૦/૨૦૨૩ સવારના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાના હુક કાપી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.પી.પટેલ ચલાવે છે.

**વટવા જીઆઇડીસીઃ** દશરથભાઇ કાન્તીભાઇ સુથાર (ઉ.વ.૫૩)(રહે.અંબીકા એપાર્ટમેન્ટ, વૈકુંઠપાર્ક પાસે, પુનીતનગર રોડ, ઘોડાસર, વટવા) એ તા.૦૯/૧૦/૨૦૨૩ ના રોજ વટવા જીઆઇડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૧૦/૨૦૨૩ સાંજના ૭/૦૦ થી તા.૦૬/૧૦/૨૦૨૩ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન જી.આઇ.ડી.સી વટવા, ફેજ-૪, પ્લોટ નં ૫૨૦૮ માં આવેલ “એનર્જી ઇક્યુપમેન્ટ” નામની ફેક્ટરીમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, પાના-પક્કડ, ડ્રીલ મશીન, ગ્લાંઇન્ડર મશીન, નાનુ વેલ્ડીંગ મશીન, બે અર્થીંગ કેબલ તથા બે વેલ્ડીંગ વાયરો, કોપર વાયરના બંડલો નંગ-૬, કોપર ડીસ નંગ-૭ મળી કુલ રૂપિયા ૧,૨૨,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૬૭૨/૨૦૨૩**

**વસ્ત્રાપુરઃ** રમ્યમ નીરજકુમાર લાલ (ઉ.વ.૨૧)(રહે.રેજન્સી ટાવર, વસ્ત્રાપુર) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૦/૨૦૨૩ રાતના ૮/00 વાગ્યા પહેલા પોતાના ઘરે મકાનની પાછળના ભાગે આવેલ ગેલેરીની દીવાલ ઉપર લાગેલ એ.સી.ના ક્લેમ્પ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.બી.ભાદરકા ચલાવે છે.

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ** કિંજલ વા/ઓ રાકેશભાઇ દંતાણી (ઉ.વ.૨૫)(રહે.લાખાજી કુવરજીની ચાલી મહેંદી કુવા શાહપુર દરવાજા બહાર) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૦/૨૦૨૩ રાતના ૯/૩૦ વાગ્યા પહેલા સુભાષબ્રીજ રીવરફ્રન્ટ ગાર્ડન ગેટ નંબર-૨ પાછળ નદીના પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિંહ હેમતસિંહ ચલાવે છે.

**વેજલપુરઃ** હિતેષભાઇ નાજાભાઇ આલ (ઉ.વ.૨૮)(રહે.કૃષ્ણનગર સોસાયટી એસ.કે.ફ્લેટ સામે વસ્ત્રાપુર જુના ક્રોસીંગની બાજુમાં વેજલપુર મુળ વતનઃ- ગામઃ અંકાવાડા, માનવતા ગૌશાળા સામે, તા.જી.:ભાવનગર) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૦/૨૦૨૩ ના કલાક ૦૦/૪૦ વાગ્યા પહેલા રહેણાક મકાનના ઉપરના માળે પંખા સાથે પ્લાસ્ટીકની પાટી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એન.વ્યાસ ચલાવે છે.

**સરદારનગરઃ** ધવલભાઇ અમરતભાઇ વાઘેલા (ઉ.વ.૨૩)(રહે.વાલ્મીકી વાસ મોદી કમ્પાઉન્ડ રાધેશ્યામ મંદીર સામે, સૈજપુર ટાવર, સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૦/૨૦૨૩ સાંજના ૫/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ત્રીજા માળે ઓરડીમા લોખંડની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બાબુભાઇ કાનજીભાઇ ચલાવે છે.

**બાપુનગરઃ** મજબુતસિંહ રઘુરાજસિંહ પાયક (ઉ.વ.૨૭)(રહે.રામદેવનગરની ચાલી ગંગાનગરની ચાલી સામે, બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૦/૨૦૨૩ રાતના ૧૦/૨૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક મકાનમાં પંખાના હુક સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.પ્રજાપતી ચલાવે છે.

**ગોમતીપુરઃ** ભરતભાઈ ધુળાભાઇ પરમાર (ઉ.વ.૪૨)(રહે.મન્સુરીની ખાડાવાળી ચાલી, પોસ્ટ ઓફિસ સામે, ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૦/૨૦૨૩ સવારના ૧૦/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે કપડાની દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બેચરભાઇ ખોડાભાઇ ચલાવે છે.

**વટવાઃ** સંધ્યાબહેન વા/ઓ સુધીરસિંગ રાજપુત (ઉ.વ.૨૫)(રહે.સદભાવનાનગર ચાર માળીયા વટવા) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૦/૨૦૨૩ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક ફ્લેટના ચોથા માળે ગેલેરીમાંથી પડતુ મુકતા માથામા ગંભીર ઇજા થતા સારવાર અર્થે તેમને સીવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૯/૧૦/૨૦૨૩ બપોર ના ૧/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.પી.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી